# મંત્રણામાં ઝાકીર નાઈકના પ્રત્યાર્પણની વાત થઈ: અનવર

**મલેશિયન વડાપ્રધાને કહ્યું કે પ્રત્યાર્પણ અંગે સાવચેતીપૂર્વક આગળ વધીશું**

નવી દિલ્હી: મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે, જેઓ BRICS શિખર સંમેલન માટે ભારતમાં છે, તેમણે એ વાતને પુષ્ટિ આપી છે કે નવી દિલ્હીમાં થયેલી ચર્ચાઓ દરમિયાન ભાગેડૂ ઉપદેશક જાકિર નાઈકના પ્રત્યાર્પણનો મુદ્દો સામે આવ્યો હતો.

શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજનાર ઈબ્રાહિમે જણાવ્યું કે , "ખાનગી ચર્ચાઓમાં, અલબત્ત, આ વાતચીતો ચાલુ રહે છે." તેમણે ઉમેર્યું, "અમને લાગ્યું કે બંને રાષ્ટ્રોના હિતોનું રક્ષણ કરવા માટે આપણે તેને ખૂબ જ ખાનગી રાખવું જોઈએ. પરંતુ અલબત્ત, અમે તેને આપણા દેશો વચ્ચે વિશ્વાસ અને સંબંધો બાંધવા માટે અગ્રતા સૂચિમાં રાખ્યું છે." તેમ છતાં, પ્રત્યાર્પણના મુદ્દે અનવર ઈબ્રાહિમે ઉમેર્યું કે મલેશિયાએ કાયદાના શાસનની ખાતરી કરવાની જરૂર છે. તેમણે કહ્યું, "અમને પ્રત્યાર્પણની માંગણીની થોડી સમજ છે પરંતુ અમારે તેને ખૂબ જ સાવચેતીપૂર્વક કરવાની જરૂર છે." "કાયદાના શાસન અને આ દ્વિપક્ષીય સંબંધોના મહત્વનું સન્માન કરો." એમ તેમણે કહ્યું હતું.

# નાગપુરમાં બેંકના સ્ટાફ પર મરચાંનો પાઉડર ફેંકી લૂંટ: ઘટના CCTVમાં કેદ

**સાડા ચાર લાખ રૂપિયા લૂંટીને ભાગેલા આરોપી થોડા કલાકોમાં જ પકડાઇ ગયો**

નાગપુર: તા. 12: મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં શુક્રવારે એક 28 વર્ષીય વ્યક્તિએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં બેંક કર્મચારીઓ પર મરચાંનો પાઉડર ફેંકીને 4.53 લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી.



આ લૂંટ નાગપુરના સક્કરદારા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં થઈ હતી. સૂરજ બોરકર તરીકે ઓળખાયેલા આરોપીએ સાંજના સમયે બેંકમાં પ્રવેશીને અચાનક બેંક કર્મચારીઓ પર મરચાંનો પાઉડર ફેંકવાનું શરૂ કર્યું હતું. ઘટનાના સીસીટીવી ફૂટેજમાં બોરકર સફેદ કપડાથી મોં છુપાવીને બેંકમાં પ્રવેશતો જોવા મળે છે. તે લીલા રંગનું પેકેટ લઈને જતો જોઈ શકાય છે. તે પછી અચાનક કર્મચારીઓ પર મરચાંનો પાઉડર ફેંકવાનું શરૂ કરે છે. વધુ સચોટ હુમલો કરવા માટે તે કર્મચારીઓનો પીછો કરતો પણ જોઈ શકાય છે.

અફરાતફરી વચ્ચે બોરકર કાઉન્ટર કૂદીને રોકડ રકમનો જથ્થો પકડીને નાસી છૂટે છે. ફૂટેજમાં કેટલાક બેંક કર્મચારીઓ સુરક્ષિત રીતે બહાર નીકળી રહેલા આરોપીનો પીછો કરવાનો પ્રયાસ કરતા નજરે પડે છે, પરંતુ આરોપી ભાગવામાં સફળ થાય છે. પોલીસે તપાસ શરૂ કરી હતી, આરોપીની શોધખોળ માટે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા અને તેને સફળતાપૂર્વક શોધી કાઢીને થોડા જ કલાકોમાં ધરપકડ કરી લીધી હતી.







# બ્રિક્સમાં વૈશ્વિક પ્રતિનિધિઓને આપવામાં આવી કોરાપુટ કોફી

ભુવનેશ્વર, તા. 12 (પીટીઆઈ): નવી દિલ્હીમાં યોજાયેલી ૧૮મી બ્રિક્સ સમિટમાં પ્રતિનિધિઓ અને પત્રકારોને ઓડિશાની કોરાપુટ કોફી આપવામાં આવી હતી, જેનાથી આદિવાસી ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવતી અરબિકા બ્રાન્ડ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવી છે. એમ શનિવારે અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિદેશ મંત્રાલય (એમઈએ) દ્વારા સમિટમાં મીડિયાકર્મીઓ અને પ્રતિનિધિઓને વિતરિત કરવામાં આવેલી કિટ્સમાં કોરાપુટ કોફીની એક બ્રાન્ડ 'ટાઈગર બ્રાઈટ'નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કિટ્સના ભાગરૂપે કોફીનું ૨૫૦ ગ્રામનું પેકેટ વિતરિત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ રાજ્યની સ્થાનિક પ્રોડક્ટને પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ રાજ્યની સ્વદેશી કોફીને મળેલી માન્યતાને વધાવી હતી.


માઝીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "છેલ્લા કેટલાક દિવસોથી હું વૈશ્વિક મંચો પર ઓડિશા વિશે વાત કરી રહ્યો છું, અને દુનિયાને આપણા રાજ્યની તકો, તાકાત અને ક્ષમતા જોવા માટે આમંત્રિત કરી રહ્યો છું. આજે, બ્રિક્સ ઈન્ડિયા ૨૦૨૬ સમિટમાં કોરાપુટ કોફી ઓડિશાની કહાનીનું બીજું પાસું રજૂ કરી રહી છે તે જોઈને વિશેષ આનંદ થયો છે."

# કેલિફોર્નિયામાં ભારતીય મૂળની યુવતીની ગોળી મારીને હત્યા

**22 વર્ષીય હુમલાખોર યુવકે પોલીસ સાથે અથડામણ બાદ ખુદને ગોળી મારી દીધી, યુવક પણ ભારતીય જ છે**

કેલિફોર્નિયા, તા. 12: કેલિફોર્નિયાના સેક્રામેટોમાં મંગળવારે એક રેસ્ટોરન્ટની બહાર 22 વર્ષીય યુવકે 38 વર્ષીય ભારતીય મૂળની મહિલાનો પીછો કરીને તેને ગોળી મારીને હત્યા કરી નાખી હતી. આ યુવક પર પ્રતિબંધક હુકમ (દૂર રહેવાનો આદેશ) હોવા છતાં, તે લગભગ એક વર્ષથી મહિલાને કથિત રીતે હેરાન કરી રહ્યો હતો અને તેનો પીછો કરી રહ્યો હતો.

શાલિની ઠાકુર પર શહેરના આર્ડન-આર્કેડ વિસ્તારમાં આવેલી 'પનેરા બ્રેડ' રેસ્ટોરન્ટની બહાર ધોળા દિવસે હુમલો કરવામાં આવ્યો હતો. આરોપી રોહિત ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો, પરંતુ મિનિટો પછી પોલીસે હાઈવે 50 પર તેનો પત્તો મેળવ્યો હતો, જ્યાં પોલીસ સાથે



અથડામણ બાદ હુમલાખોરે ખુદને ગોળી મારી દીધી હતી.

સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, રોહિત એક બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ હતો, જેને અગાઉ એરિઝોનામાં કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. તે શાલિનીના કાર્યસ્થળ પર ડોરડેશ પિકઅપ દ્વારા મળ્યો હતો, જ્યાં તે વેઈટ્રેસ તરીકે કામ કરતી હતી.

હુમલા દરમિયાન શાલિનીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રોહિતે તેનો પીછો કર્યો અને અનેક સાક્ષીઓની હાજરીમાં તેને અનેક ગોળીઓ મારી. એટલું જ શાલિની નીચે ઢળી પડ્યા પછી પણ તેણે નજીકથી તેના માથામાં વધુ એક ગોળી મારી.







# નેપાળ પૂર: હજી પણ ગુમ થયેલા ૫,૦૦૦ લોકો માટે શોધ જારી

**અત્યાર સુધીમાં ૧૪૦૦ જેટલા લોકોનાં મોત થયા છે**

કાઠમંડુ, તા. ૧૨ (પીટીઆઈ) વિનાશક અચાનક આવેલા પૂરના બે અઠવાડિયા કરતાં વધુ સમય પછી શનિવારે નેપાળમાં શોધખોળ ચાલુ રહી, જેમાં હજી પણ ગુમ થયેલા ૫,૦૦૦થી વધુ લોકોને શોધવાના પ્રયાસો ટીમો દ્વારા ચાલુ રાખવામાં આવ્યા છે.

નેપાળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીઆરઆરએમએ) અનુસાર, અત્યાર સુધીમાં લગભગ ૧,૪૦૦ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧૩,૬૭૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, આશરે ૩૦ દેશોના ૫૮૯ વિદેશી નાગરિકો સહિત ઓછામાં ઓછા ૫,૧૩૦ લોકો હજી પણ ગુમ છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક ૨૬ ઓગસ્ટે બરફ-ખડકના હિમસ્ખલનને કારણે આવેલા ભયાનક પૂરે ઉત્તર અને મધ્ય નેપાળના નગરો અને ગામડાઓને તબાહ કરી નાખ્યા હતા. ભોટેકોશી નદી, જે હિમાલયી સરહદી પ્રદેશમાંથી દક્ષિણ તરફ વહે છે, તેના પૂરના પાણીને નીચે તરફ વહ્યાં હતાં, જેમાં ઘરો, વાહનો, રસ્તાઓ અને પુલ તણાઈ ગયા હતા અને જળવિદ્યુત પ્રોજેક્ટ્સને નુકસાન થયું હતું.

ચાઈનીઝ મીડિયા અનુસાર, ચીની બાજુએ પણ પૂરને કારણે ૪૩ લોકો માર્યા ગયા હતા, જ્યાં ૫૦૦થી વધુ લોકો હજી પણ ગુમ છે.

## યુક્રેન પર રશિયન હુમલામાં 5 લોકોનાં મોત

કિવ, તા. 12 (એપી) યુક્રેન પર રશિયાના હુમલાઓમાં પાંચ નાગરિકો માર્યા ગયા અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. એમ સ્થાનિક અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. આ હુમલાઓ ત્યારે થયા જ્યારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી હતી કે, યુક્રેનમાં યુરોપિયન સૈનિકો મોકલવા એ રશિયા સાથે સીધા સંઘર્ષ સમાન હશે. યુક્રેન રશિયાના તીવ્ર હવાઈ અભિયાનના વધતા દબાણ હેઠળ છે જે સંરક્ષણને ભેદવા માટે બેલેસ્ટિક મિસાઈલો અને જેટ-સંચાલિત ડ્રોનનો ઉપયોગ કરે છે. શિયાળા પહેલાં યુક્રેનના પાવર ગ્રીડને નિશાન બનાવીને મોસ્કોએ હુમલા કર્યા છે, અધિકારીઓનું કહેવું છે કે, આનો ઉદ્દેશ્ય નાગરિકોનાં મનોબળ તોડવાનો છે. પ્રાદેશિક વડા ઈવાન ફેડોરોવે શનિવારે જણાવ્યું હતું કે, યુક્રેનિયન શહેર ઝાપોરિઝ્ઝ્યામાં રાત્રિના સમયે રશિયન ડ્રોન હુમલામાં બે લોકો માર્યા ગયા છે અને એક ઘાયલ થયો છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ક્રિવી રિહ પર થયેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ત્રણ ઘાયલ થયા છે. કાળા સમુદ્રના બંદર ઓડેસા અને તેની આસપાસના વિસ્તારમાં પ્રાદેશિક વડા ઓલેહ કિપરે જેને વિશાળ હુમલો ગણાવ્યો હતો તેમાં રાત્રિભરમાં થયેલા હુમલાઓમાં 35 લોકો ઘાયલ થયા હતા. જે ઈમારતોને નિશાન બનાવાઈ તેમાં એક રહેણાક હાઈ-રાઈઝ પણ સામેલ છે, જેના ઉપરના માળ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા.

